# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૫ • સળંગ અંક ૧૦૦ • મુંબઈ • માર્ચ ૨૦૧૫ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજનો,**

**જય જિનેન્દ્ર !!**

હમણાં જ ૮ માર્ચે 'વુમન્સ ડે'ની વિશ્વભરમાં વિવિધ પ્રકારે ઉજવણી થઈ. સૌ પ્રથમ એ ધ્યાનમાં રાખવા જેવું છે કે સ્વાવલંબી બનવું એટલે શું છે ? સ્વના આલંબન સાથે એટલે કે માત્ર સ્વના આધારે જીવન જીવવું. આના પણ મુખ્ય ત્રણ પ્રકાર છે. શારિરીક, માનસિક તેમજ આર્થિક, સામાન્ય રીતે બધાં એમ જ વિચારે છે કે સ્ત્રીઓએ સ્વાવલંબી બનવું એટલે આર્થિક ઉપાર્જનની પોતાની વ્યવસ્થા કરવી એક રીતે આ વાત સાચી છે. આ અંગે વધુ વિચાર - વિમર્શ આવશ્યકતા છે.

**દાન ગંગાના પ્રવાહ :**

સમાજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસાર્થે થતાં વિશાળ ખર્ચમાં પુરક થવાના આશયથી મંડળ દ્વારા શરૂ થયેલ રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ યોજના દ્વારા સમાજના વિદ્યાર્થીઓને વધુમાં વધુ રૂપિયા બે થી ત્રણ લાખ પર્યંતની વગર વ્યાજની લોન આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત કેશુશેઠના પાડાના **શ્રી કંદર્પભાઈ સેવંતીલાલ ખાંડવાલા** દ્વારા નોંધાયેલ રૂા. ૧૨ લાખની સખાવત પૈકી બીજા વર્ષના રૂા. ૩,૦૦,૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. મંડળની મેડીકલ સહાય તથા શૈક્ષણિક સહાય કોરપસ ફંડ ખાતે માતુશ્રી **સ્વ. શ્રીમતી સરસ્વતીબેન નિરંજનભાઈ શાહ**ની કાયમી સ્મૃતિ મંડળ સાથે જળવાઈ રહે તેવા શુભ આશયથી **શ્રી આશીષ નીરંજનભાઈ ચીમનલાલ શાહ** તથા **શ્રીમતી નિકિતાબેન આશિષભાઈ શાહ** (ચોધરીની શેરી) તરફથી રૂા. ૨,૦૦,૦૦૦/-ની સખાવત પ્રાપ્ત થયેલ છે. મંડળના સીનીયર સીટીઝન તથા મેડીકલ સહાય કોરપસ ફંડ ખાતે ખડાખોટડીનો પાડાના **સ્વ. શ્રીમતી પ્રભાવતીબેન હરસુખલાલ શાહ**ના આત્યશ્રેયાર્થે **શ્રી હરસુખલાલ અમૃતલાલ શાહ**ની સુપુત્રી **શ્રીમતી સ્મિતાબેન દિપકકુમાર શાહ** તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ની રકમ અર્પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત **શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ** દ્વારા પણ મંડળના આર્થિક સહાય ખાતે રૂા. ૧,૫૦,૦૦૦/-ની સખાવત કરવામાં આવેલ છે. આ સર્વે દાતાઓની સાભાર સાથે અનુમોદના કરીએ છીએ.

**દિશા યાત્રા પ્રવાસ :**

મંડળની વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા તા. ૯-૩-૨૦૧૫થી તા. ૧૨-૩-૨૦૧૫ દરમ્યાન શત્રુંજય મહાતીર્થ યાત્રા પ્રવાસ સર્વાંગ સફળ થયો. યાત્રા પ્રવાસના સૌજન્ય દાતા **શ્રી જે.કે. શાહ**ની સંસ્થા તરફથી ખૂબ ખૂબ અનુમોદના. સમિતિના મંત્રીઓ **શ્રીમતી પ્રમીલાબેન ભદ્રકુમાર શાહ, શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ** તથા **શ્રી ભદ્રકાંત પ્રેમચંદ શાહ** તેમજ કાર્યકરોને પરિશ્રમ લઈ પ્રવાસને સફળતા અપાવવા બદલ હાર્દિક અભિનંદન.

**એક દ્વિધા :**

આજના પારિવારિક અને સામાજિક જીવનની તસ્વીર અને તાસીર કંઈક દ્વીધા ઉત્પન્ન કરનારી છે. સહજીવન છે પણ તેનો આનંદ લુપ્ત થતો જાય છે. પહેલાના સમયમાં ભોજન પણ સાથે અને ભજન પણ સાથે થતાં એનો એક અનેરો આનંદ હતો. આજે એક છત નીચે રહેતા માનવીઓ અલગ અલગ ઓરડામાં વહેંચાયેલા છે. આજે મન મુકી હસવાની, રડવાની કે દાદ-ફરિયાદ કરવાની મોકળાશ રહી નથી. પોતપોતાનું બધુ જ નોખું. આ નોખાપણાએ અનોખાપણાનો આનંદ છીનવી લીધો છે. અદ્યતન ટેક્નોલોજી માનવતાની મહાશત્રુ બની છે. ફાંકડી સગવડો ઉરની શેરીને સાંકડી બનાવે તો તે પ્રગતિ નહીં અધોગતિ છે. આજની જિંદગીમાં વાદવિવાદ વધ્યા છે અને સંવાદ ઘટી રહ્યા છે. અધિકારપ્રિયતા વકરી છે. રસ્તા અનેક છે પરંતુ મંઝીલ નથી. દિશાવિહિન કાફલો છે. કંઈક જોઈએ છે ! 'શું' એ અનુત્તર છે.

જીવન મેઘધનુષ જેવું સપ્તરંગી છે. ક્યારેક જીવનમાં સુખની ઉષા દેખાય છે તો ક્યારેક વળી સંધ્યાના આછા દુઃખના પડછાયા પણ દેખાય છે, ક્યારેક ચિંતાના વાદળો છવાય છે તો ક્યારેક વળી રોગની વદેના પણ ચમકારા મારે છે. ક્યારેક જીવન પ્રગતિના પહાડ બતાવે છે, તો ક્યારેક પડતીની ખીણ પણ દેખાડે છે. આમ જીવનની ચડતી પડતીમાં મંગલમંદિરમાં રહેલા વિતરાગી પ્રભુનું શરણું જ જીવનને વિકાસપંથે જવા પ્રેરણાદાયી છે.આભાર...!

**❑ પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

# શ્રી પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ દ્વારા સામુદાયિક શુદ્ધિકરણના ઐતિહાસિક કાર્યક્રમનો અહેવાલ

માદરે વતન પાટણ નગરીના **પ્રાચીન જિનાલયો** અને અદ્‌ભુત-અલૌકિક પરમાત્માની ભવ્યતાને દૈદિપ્યમાન કરવા સમગ્ર પાટણના જિનાલયોના શુદ્ધિકરણનું વિશિષ્ટ આયોજન, **પ.પૂ. યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવરશ્રી ચંદ્રશેખર વિ.મ. સાહેબના શિષ્યરત્ન આચાર્ય શ્રી મેઘદર્શન વિજયજી મ. સાહેબ**ની પાવન પ્રેરણાથી, **મહા વદ ૧૧, રવિવાર, તા. ૧૫-૨-૨૦૧૫**ના એકી સાથે, એક જ દિવસે કરવામાં આવ્યું.

પાટણ ખાતેના સ્થાનિક કાર્યકરો સાથે ઉપરોક્ત માહિતીનું આદાનપ્રદાન કરી શક્યતઃ સહયોગ પ્રાપ્ત કરવા બાબતે બે-ત્રણ વખત ચર્ચાઓ યોજાઈ તથા કાર્યવાહીની જવાબદારી સોંપવામાં આવી.

**શનિવાર, તા. ૧૪-૨-૨૦૧૫ના સવારે ૯ કલાકે આચાર્ય ભગવંત મેઘદર્શન વિજયજી મ.સા.નું ભારતી સોસાયટી, પાટણ** ખાતેથી ઢોલ-શરણાઈ, બેન્ડબાજા સાથે ભવ્ય સામૈયુ કરવામાં આવ્યું. ત્યારબાદ **સાગરના ઉપાશ્રયે** પૂજ્યશ્રી દ્વારા માંગલિક સંભળાવવામાં આવ્યું.

**પંચાસર જિનાલય** ખાતે દર્શન કર્યા **બાદ નગીનદાસ પૌષધ શાળા ખાતે આ.ભ. બોધીરત્ન સુરીશ્વરજી મ.સા.**ને વંદન કરી પોળીયાના ઉપાશ્રયમાં તેમનું પ્રવચન યોજાયેલ જેમાં એક તિથિ તથા બે તિથિના મતભેદો ભૂલી જઈ, સાથે મળી સૌને કામ કરવા અંગે રજૂઆત થયેલ. શુદ્ધિકરણ તો પ્રથમ ચરણ છે ત્યારબાદ અનેક કામોના આયોજન વિચારણા હેઠળ છે તે અંગે વિશદ છણાવટ કરવામાં આવી. બપોરે ત્રણ કલાકે નગીનદાસ પૌષધશાળા ખાતે **"પાટણનો પ્રભાવ"** વિષય ઉપર મનનીય પ્રવચન આચાર્ય ભગવંતે આપેલ ત્યારે વિશાળ સંખ્યામાં શ્રાવક-શ્રાવીકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાત્રે પાટણ ખાતેના સ્થાનિક કાર્યકરો તેમજ અભિયાન સમિતિના કાર્યકરો દ્વારા શુદ્ધિકરણના સમગ્ર કાર્યક્રમ અંગે વિસ્તૃત માહિતી પ્રદાન કરવામાં આવી, જે અંગે સ્થાનિક કાર્યકરો દ્વારા કરાયેલ સૂચનો પ્રત્યે શક્યતઃ અમલ કરવા અંગે નક્કી કરવામાં આવ્યું.

પાટણ નગરપાલિકા પ્રમુખ, વિધાનસભ્ય તથા અન્ય મહાનુભવોને આવતી કાલના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ મોકલવામાં આવ્યું.

સામુદાયિક શુદ્ધિકરણ અંગે મુંબઈથી પધારેલ મહેમાનોના ઉતારાની પંચાસર ખાતેના નવા અતિથિગૃહ ખાતે વ્યવસ્થા કરવામાં આવેલ. જિનાજ્ઞા ગ્રુપના ૯૦૦થી વધુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહેનાર હોઈ તેમના રહેવા અંગેની વ્યવસ્થા **ચારૂપ, પંચાસર અતિથિગૃહ, પ્ર.કે. અતિથિગૃહ, છાત્રાલય કેમ્પસ** તથા અન્યત્ર ગોઠવવામાં આવેલ. તેમનું આગમન રાત્રી દરમ્યાન થનાર હોઈ ગાદલા, રઝાઈ, ઓશિકા વગેરે માટે પાટણના **શ્રી જયેશ ખુશાલદાસ શાહે** જવાબદારી બખુબી નિભાવી હતી.

રવિવાર તા. ૧૫-૨-૨૦૧૫ના વહેલી સવારથી કાર્યકરોનું આગમન શરૂ થઈ ગયેલ. સવારે ૭ કલાકે પંચાસર કંપાઉન્ડ ખાતે આચાર્ય ભગવંત દ્વારા મંગલ પ્રવચનનું આયોજન થયેલ, જેમાં જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ તથા શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા **આચાર્ય શ્રી મેઘદર્શન વિજયજી મ. સાહેબ, પ.પં. હંસબોધી વિજયજી મ.સા., આચાર્ય બોધીરત્ન સૂરીશ્વરજી મ.સા.ને** કામળી વહોરાવવામાં આવેલ. તેમના આશીર્વાદ પશ્ચાત સામુદાયિક શુદ્ધિકરણનું કાર્ય સવારે ૯ કલાકથી આરંભાયું હતું.

**જિનાજ્ઞા ગ્રુપ** દ્વારા પાટણના વિવિધ મહોલ્લાઓ ખાતે આવેલ જિનાલયો અંગે અલગ અલગ ગ્રુપ બનાવવામાં આવેલ, જેમાં દરેકને બે થી ત્રણ જિનાલયોનું કામકાજ સંભાળવાની જવાબદારી સોપાયેલ. જિનાલય શુદ્ધિકરણમાં પરમાત્માની પ્રતિમાજી, ગર્ભગૃહ, રંગમંડપ, દિવાલો, ઝુમ્મરો, ફ્લોરીંગ, થાંભલાઓ, શિખર પર્યંતના કાર્યનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કાર્યને મહોલ્લાઓના ભાઈ-બહેનો, સ્થાનિક કાર્યકરો તથા જિનાજ્ઞાગ્રુપના સભ્યો દ્વારા સુંદર રીતે પૂર્ણ કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રત્યેક જિનાલયમાં સ્નાત્ર ભણાવવામાં આવેલ.

શુદ્ધિકરણની કાર્યવાહી લગભગ બપોરે ૪.૦૦ કલાકે પૂર્ણ થઈ હતી. ત્યારબાદ આંશિક વિશ્રામ પશ્ચાત સાંજના ચોવીહારનું આયોજન ગોઠવાયેલ જેમાં જિનાજ્ઞાગ્રુપના કાર્યકરો ઉપરાંત પ્રત્યેક જિનાલયના પૂજારીઓ તથા કાજોવાળનારને પણ આમંત્રણ આપવામાં આવેલ.

સાંજે ૭.૦૦ કલાકે જિનાજ્ઞાગ્રુપ દ્વારા પંચાસર કંપાઉન્ડમાં ખુમારી અને ખમીરીથી ધગધગતો લાવારસ એટલે શ્રી તારંગા તીર્થ રક્ષાને જ્વલંત પ્રસ્તુત કરતી નાટીકા **"રામલો બારોટ હાકલ પડી છે જીન શાસનની"**નું આયોજન કરવામાં આવેલ જેમા ૧૬ કાર્યકરોએ ભાગ લીધો હતો. સંધ્યાભક્તિ તથા ભક્તિભાવનાનું પણ આયોજન હતું, જેમાં વિશાળ સંખ્યામાં સદસ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતા અપાવી. આ પ્રસંગે પ્રભુભક્તિ અભિયાન સમિતિ દ્વારા જિનાજ્ઞાગ્રુપના મુખ્ય કાર્યકરોને શાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું. તેમજ જિનાજ્ઞાગ્રુપ દ્વારા પ્રભુભક્તિ અભિયાન સમિતિના સભ્યોનું માળા અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું.

સામુદાયિક શુદ્ધિકરણના પ્રારંભિક પ્રયત્નોમાં **વર્ધમાન તપોનીધી પ.પૂ. આ. ભક્તિ સૂરીશ્વરજી મહારાજાના સમુદાયના પ.પૂ. સાધ્વીજી મૈત્રી રત્નાશ્રીજી** દ્વારા નવેમ્બર ૨૦૧૧માં સ્થપાયેલ **"જીનાજ્ઞા યુવાગ્રુપ"-અમદાવાદ** દ્વારા પાટણ ખાતેના બધાજ જિનાલયોનું ત્રણ વખત રૂબરૂ સર્વે કરવામાં આવેલ, જેના પરિણામ સ્વરૂપ લગભગ ૯૭ જિનાલયોમાં રહેલ નાની-મોટી કુલ ૪૭૦૦ પ્રતિમાજીઓની સઘળી વિગતો પ્રાપ્ત થઈ. જિનાલયની દૈનિક કાર્યવાહી, પૂજારી, સ્થાનિક વહિવટ કર્તા કાર્યકરો ઈત્યાદીની વિગતો એકત્રીત કરવામાં મદદરૂપ થવાયું.

સમગ્ર આયોજન માટે મુંબઈ તથા અન્ય સ્થળે વસવાટ કરતાં મહોલ્લાઓના ભાઈઓ દ્વારા હાજર રહી આયોજનને સફળ બનાવેલ તે બદ્દલ તેઓ સર્વે પ્રતિ આભારભાવ વ્યક્ત કરવામાં આવે છે.

તા. ૧૪ તથા ૧૫ ફેબ્રુઆરીના પંચાસર કંપાઉન્ડ ખાતે સવારની નવકારશી બપોરનું ભોજન તેમજ સાંજે ચોવીહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ જેનો સૌએ લાભ લીધેલ. સામુદાયિક શુદ્ધિકરણ અંગેના નાના-મોટા કોઈપણ કાર્યોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક થનાર સર્વે નામી-અનામી કાર્યકરો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે. ✷ ✷

## તંત્રીસ્થાનેથી...

# પ્રબળ ઈચ્છાશક્તિ થકી પ્રદાન અને પ્રાપ્તિ

ચિત્તદ્રિક અને પ્રબળ ઈચ્છા શક્તિ દ્વારા જ ઉત્કૃષ્ટતા સાધી શકાય છે અને તે માટે સતત અને નિશ્ચલ થઈ કાર્ય હાથ ધરવું પડે છે. પ્રત્યેક ઘટનાઓ કરતા તેની પાછળ લગાડવામાં આવેલી શક્તિઓ સવિશેષ મહત્વની હોય છે. ઉત્સાહ થકી કે તેની પ્રેરણા થકી કાર્ય સાધવામાં કે તેમાં સફળતા મેળવવામાં ક્યારેય શંકાને અવકાશ આપવો નહીં. ગીતામાં કહ્યું છે કે, કાર્ય કરે જાવ અને ફળની અપેક્ષા અને આશા રાખશો નહીં. **આશા એ તો મધુર કડવો અંશ છે જિંદગીનો.**

વણ કહ્યું સત્ય છે કે, જે પોતે જાતે જ નથી આપતો તે કદી કંઈ જ આપી શકતો નથી. માનવીના મનોમંથન થકી જે વિચારો જન્મે છે તેના જેવી મૂલ્યવાન અન્ય કોઈ ભેટ હોઈ જ ન શકે. મોકળે મને અને માગ્યા વગર જો દાન આપવામાં આવે તો તેનું પુણ્ય અનેક ગણું વધી જાય છે, માટે જે રીતે દાન આપવામાં આવે છે તે દાન કરતાં બહુમૂલ્ય બને છે. તેની પાછળ ઉત્કૃષ્ટ ભાવના અને સદ્‌બુદ્ધિ સવિશેષ હોય છે અને તે જ ધન્યતાને પાત્ર બને છે. ગુલાબના પુષ્પો વહેચનારના હાથમાં ગુલાબની સુવાસ તો રહેવાની જ. આપવામાં અસંતોષી રહી પામવામાં સંતોષી રહીએ તે વધુ મહત્વનું છે. માણસ મેળવવાથી સન્માનાયો નથી કારણ કે સન્માન તે જે દાન આપ્યું તેનું જ પારિતોષિક છે.

માનવી જ્યારે આઘાત પામે ત્યારે તેને રેતી પર મુદ્રાંક કરવી જોઈએ અને કરૂણા પામીએ ત્યારે આરસ પર આલેખવી જોઈએ. આખરે માનવી પાસે જે હોય તે જ આપી શકે, પરંતુ જો સદ્‌ભાવના ન હોય તો તેની પાસે અપેક્ષા કંઈ અને કેવી રીતે રાખી શકાય. તમે મેળવી શકો છો તેના ઉપર સુખનું અવલંબન હોતું નથી, પરંતુ શું આપી શકો છો તેના પર આધારિત છે. જગતમાં લેનાર કરતાં બની શકે તો આપનારનું સ્થાન લો. માત્ર દાન આપવું જ એ મહત્વનું નથી, પ્રેમ, સહાય, સેવાનો સ્ત્રોત વહાવીએ.

હાસ્ય કે સ્મિત આપને ઘણું બધું આપી જાય છે અને તે આપવાથી કંઈ જ ગુમાવવું પડતું નથી, અને લેનારને તે સમૃદ્ધ બનાવે છે. ક્ષણમાં અપાતા સ્મિતની સ્મૃતિ સદાયની બની રહે છે, કોઈપણ માનવી એટલો સંપન્ન કે શક્તિવાન નથી કે હલકો નથી જે તેનાથી સમૃદ્ધ થઈ ન શકે. ખરા શબ્દોમાં સ્મિત એ મૈત્રિનો પર્યાય છે. પ્રસન્નતા અને શુભેચ્છાનો અણસાર છે. નિરાશ માનવીને પ્રોત્સાહિત કરી તેના થાકને દેશવટો આપે છે, કોઈની કોઈપણ પ્રકારની મુશ્કેલીનો તે ઉત્તમોત્તમ પ્રતિકારક ઉપાય છે. હાસ્ય કે સ્મિત ક્યારેય નથી ખરીદી શકાતી કે નથી ઉછીના લેવાતા. જ્યાં સુધી આપણે અન્યોને ન આપીએ ત્યાં સુધી તેની કોઈ જ કિંમત હોતી નથી. જેની પાસે આપવા માટે સ્મિત નથી તેને જ સ્મિત આપવાની આવશ્યકતા નથી લાગતી?

ઈશ્વરને આપણે પ્રાર્થના કરીએ કે આપણામાં રહેલી દિવ્ય ચેતનાને જાગૃત રાખે. જેને આપણે બદલી ન શકીએ તેને સહન કરવાનું ધૈર્ય આપે, જે બદલી શકાય તેમ હોય તેને બદલી શકવાનું વીર્ય આપે અને તે માટે જોઈતી વિવેકબુદ્ધિનો આપણામાં સંચાર કરે!

❑ **સંપાદક સમિતિ**


## MATRIMONIAL

**NAME : VINIT DILIP SHAH**
Birth Date : 28th August, 1986
Birth Place & Time : Mumbai (9.58 am IST)
Height : 5'-11 - Blood Group : O+
Education : B. Com, Mumbai
Purchase Executive at Kantilal Chhotalal, Mumbai.
Frequent International Traveler For Size Diamonds
Parents : Geeta & Dilip Popatlal Shah
Residence : B/105, Kamala Ashish No. 3, CHS Ltd; Mahavir Nagar, Dahanukar Wadi, Kandivali-West, Mumbai-400 067.
Contact No.: 07666911051 & 09320038311
E-mail Id : sspdps01@gmail.com
Patan : Kumbhariyavado.
Advt



## *Interest Free Loan in US $ for Higher Education*

- *Mr. Nitinbhai Jayantilal Shah and Mrs. Meena Nitin Shah Chicago, USA has agreed to become SponsorMentors for one Patani Student Studying in India and planning to pursue Post Graduation study in USA.*
- ***SponsorMentor** will provide **interest free repayable loan upto US $ 20,000 per year** for two years **(total upto US $ 40,000)** to the student*

**Eligible Students may Contact**

***Shree Patan Jain Mandal***

*77, Patan Jain Mandal Marg, Gr. Flr.,*
*Marine Drive, Mumbai 400020*

## પ્યારા પ્યારા પાર્શ્વ પ્રભુને પત્ર

સૌથી મોટી મૂંઝવણ એ છે કે તને કયા નામે પત્ર લખું ? તારા ૧૦૮ નામ પણ મને ગમતું ટૂંકું નામ **પારસ** તેથી **પારસ** નામે જ સંબોધન કરીશ.

પારસ, તારા પ્રત્યક્ષ મિલનની તીવ્ર તલપ છે, પણ મારી પ્રેમભક્તિમાં શું ખામી છે કે તને મારા હૃદય-મનમંદિરમાં પ્રગટ થવાની ઇચ્છા નથી થતી. મારો શો અપરાધ–ગુનો જણાવીશ. તું શિવસુંદરીને વરીને, મોક્ષસુખમાં મગ્ન બની આ પૃથ્વીલોકમાં વિરહની વ્યથામાં ઝૂરતી આ પામર પ્રેમિકાને પત્ર લખવાની ફુરસદ નથી? પથ્થરને પારસ કરનારા મારા પ્રિય પારસ, તારા અગણિત ગુણો છે કે જે શબ્દોમાં પણ વર્ણવી ન શકાય તેમ મારી વિરહની વ્યથા શબ્દોમાં કેમ વર્ણવી શકું ? હૈયું ભરાઈ ગયું છે, આંખો પણ રડું રડું થઈ રહી છે. પાનાના પાના ભરું તો પણ આ વિરહની વ્યથા શમશે નહિ. મારા તન, મન, અરે શ્વાસે શ્વાસે તું જ છે. બળતી આગમાંથી નાગને ઉગાર્યો તો શું તારા પ્રેમની ગંગા વહાવી મને ભવ પાર નહીં કરાવે ?

હે મારા ભવોભવના નાથ, તારો હાથ–તારા ચરણો પકડ્યા પછી તને કદાપિ છોડીશ નહીં, પણ મેં એવા ઘોર કર્મો કર્યા છે કે મારો ભવોભવનો સાથી દૂર જાય છે. તારામાં તો અજબ-ગજબની શક્તિ છે. તું મારું દિલ-હૃદય ખોલીને વાંચીશ તો તો પણ પારસ, પારસ વાંચવા મળશે. પણ તને એટલી ફુરસદ ક્યાં છે ? ભલે તારા ભક્તો તને પારસમણિ કહે પણ મારા અંતરનો દીવડો બની એક જ વાર આવ અને તારા વિના સૂના પડેલા મારા મંદિરને તારી પ્રેમજ્યોતિથી ઝગમગાટ બનાવી દે. કદાચ એ પણ શક્ય ન હોય તો મને તારા મનમંદિરમાં સમાવી દે કે જેથી હું સદાય તારી સાંનિધ્યમાં રહું. જે કોઈ તારી ભક્તિ ભાવનાપૂર્વક કરે તેને તું ફળ આપે છે; તો મને પ્રત્યક્ષ નહીં તો સ્વપ્નમાં દર્શન આપીશ ને ? પ્રગટપ્રભાવી તારું બિરૂદ છે તો સ્વપ્નમાં તો પ્રગટ થા ! કલ્પતરુ, કરૂણાનિધાન, પુરુષાદાનીય, પુરુષોત્તમ, મનોવાંછિતપૂરણ–આવા ગુણો ધરાવો છો તો એક જ વાર ઉદારતા દાખવી, તારા વિના મારા ઉજ્જડ થયેલા બાગને પ્રેમ–વારિનું સિંચન કરી, નવપલ્લવિત બનાવ. શાને આટલું તડપાવે છે ! પણ હવે તો હે મારા નાથ, મારા જીવનાધાર તારો કેડો નહીં જ મૂકું. તારી કામણગારી કાયા, નયનોએ તો મારી કાયપલટ કરી નાખી છે. અરે કોઈ દેવ જ પ્રસન્ન થાય અને વરદાન માગે તો જરૂર કહું કે મારા પ્રિયતમ, મારા પારસના દર્શન કરાવ. પણ તારા ચોસઠ ઇંદ્રો, દેવદેવીઓ મારી પ્રાર્થના પણ સુણતા નથી, શાનમાં ઘણું સમજાવ્યું પણ તને કદાપિ છોડીશ નહીં. ક્યાં જાઉં, કોને કહું આ વિરહભર્યા દિલડાની વાત. કરૂણાસાગર કહેવાય છે તો આટલી કરૂણા કરજે. દર્શન દેજે.

તારા વિરહથી ઝૂરતી, તારા પ્રત્યક્ષ–પરોક્ષ દર્શનની આતુર ઉર્મિની ક્રોડ, ક્રોડ વંદના સ્વીકારીશને ?

**❑શ્રીમતી ઊર્મિલાબેન ધીરેન્દ્ર ઝવેરી**

## ‘મમતાની મહેક’

‘‘મમ્મી.... મમ્મી...’’ નિશાળેથી આવતાં જ અંકિતે બૂમ પાડી. દરવાજામાં નોકરાણી રાધા ઊભી હતી. તેને નવાઈ લાગતાં બોલી ‘‘અંકિતભાઈ આજ કંઈ વધુ ખુશમાં લાગો છોને ?’’ અંકિતે મૂંગે મોએ જેમ તેમ, ખાધુ ન ખાધુ ને ઊભો થઈ ગયો. સોફામાં બેસી વિચારે ચઢી ગયો.

‘‘રાધા, એક પ્રશ્ન પૂછું ?’’ અંકિતે રાધાને પૂછ્યું.

‘‘હા... હા... પૂછો’’ પ્રસન્ન થઈ રાધા બોલી.

‘‘પીન્કીને ફરી બામાર પાડવી હોય તો શું કરવું ?’’

અંકિતનો પ્રશ્ન સાંભળી રાધાની આંખો ચાર થઈ ગઈ. તેને વિશ્વાસ નહોતો આવતો કે અંકિત તેની નાની બહેન વિશે આવું વિચારતો હશે. ‘‘એવું કેમ પૂછો છો અંકિત ભાઈ ?’’ પીન્કી તો હજુ હમણાં ટાઈફોઈડમાંથી ઊભી થઈ છે આવો વિચાર તમને કેમ આવ્યો ? એ તમારી નાની ને પ્યારી બહેન છે.

‘‘તું નહીં સમજી શકે, રાધા’’ કહી અંકિત પોતાના સ્ટડી રૂમમાં ચાલ્યો ગયો.

સાંજે અંકિતના પપ્પાને રાધાએ અંકિતે કહેલી વાત કહી, પપ્પાએ અંકિતને બોલાવી કંઈ પણ જાણ્યા જોયા સિવાય એક થપ્પડ લગાવી દીધી.

એટલામાં મમ્મી આવી, મોં ચડાવી રડતા અંકિતને જોઈ મમ્મીએ માથે હાથ ફેરવી પૂછ્યું, ‘‘બેટા, શું થયું ? કેમ રડે છે’’ જવાબ દીધા સિવાય અંકિતે મોં ફેરવી લીધું.

‘‘મેં એને માર્યું એટલે ભાઈ રડે છે.’’ પપ્પાએ ગુસ્સામાં કહ્યું.

‘‘શા માટે તમે અંકિતને માર્યુ ?’’

‘‘જરા પૂછ તારા લાડકાને કે એ પિન્કી વિશે શું વિચારે છે ?’’

‘‘શું થયું પિન્કી સાથે, બેટા ? તારું કંઈ એણે તોડી ફોડી નાખ્યું ?’’

‘‘એ શું બોલવાનો હતો ? એ રાધાને પિન્કીને હજી બીમાર પાડવાનો ઉપાય પૂછતો હતો.’’

સાંભળતાની સાથેજ મ્મીએ પણ જોરદાર એક થપ્પડ ગાલ પર ચોડી દીધી. કાન પકડી બોલી, ‘‘તારી નાની અઢી ત્રણ વરસની બહેન માટે આવું વિચારે છે ?’’ એ તને ક્યાં આડી આવી ? મને તો તને બેટા કહેવામાં પણ શરમ આવે છે. કહેતી મમ્મી ગુસ્સામાં ઊભી થવા જાય છે ત્યાં અંકિતે મમ્મીને હાથ પકડી રડતા રડતા બોલ્યો ‘‘મમ્મી, તું અને પપ્પા વિચારો છો એવું નથી. પિન્કી તો મારી લાડલી વ્હાલી બહેન છે. હું એને ખૂબ પ્યાર કરું છું પણ મમ્મી’’...

‘‘તો પછી તારા મોઢામાંથી...’’

‘‘મમ્મી પિન્કી પંદર દિવસથી બિમાર હતી તો તું ઘરે રહેતી હતી, સ્કુલેથી સીધો આવી તારા ખોળામાં બેસી કેવી વાતો કરતો હતો ?’’ મારે સ્કુલેથી આવી તારી સાથે વાતો કરવી હોય પણ તું તો ઘેરજ નથી હોતી. આજ મને ટેસ્ટમાં ગણિતમાં સોમાંથી સો માર્ક્સ મળ્ય તેની ખુશ ખબરી આપવી હતી, પણ...’’

મમ્મી અંકિતને છાતીએ ચાંપી ચોધાર આંસુએ રડી પડી, ધીરેથી કહ્યું, ‘‘બેટા મારી ભૂલ થઈ ગઈ, કાલથી મારું નોકરીએ જવાનું બંધ...’’

**❑શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ**

## સર્વ વિરતી પંથે પાવન પ્રયાણ

પ.પૂ.આ.ભ. નરચંદ્ર સૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. બોધિરત્ન સૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.આ.ભ. તપોરત્ન મુનીશ્વરજી મ.સા. તથા પ.પૂ. મુનિરાજ હિતરુચિ વિજયજી મ.સા.ના શંખનાદે પ્રેરાઈ અણહિલપૂર પાટણ, ફોફલીયા વાડો, વાસુપૂજ્યની શેરી નિવાસી **શ્રી ભોગીલાલ પોપટલાલ શાહ**નાં પુત્રવધુ **શ્રીમતી મીનાબેન અમીતભાઈ શાહે** સર્વવિરતીને માર્ગે પ્રયાણ કરવાનું સુનિશ્ચિત કરેલ છે. આ પરિવારમાં આ આંઠમી દીક્ષા છે. આ જ પરિવારના કુળદિપક પ.પૂ. મુનિરાજ પૂર્ણયશ વિજયજી મ.સા. પણ અનુકુળતાએ પધારશે.

**શ્રીમતી મીનાબેન**ના વર્ષીદાનનો વરઘોડો વૈશાખ સુદ ૬ ને તા. ૨૪-૪-૨૦૧૫ના રોજ તથા દીક્ષા વૈશાખ સુદ ૭ને તા. ૨૫-૪-૨૦૧૫ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડીયમ, અમદાવાદ મધ્યે ગ્રહણ કરશે. **શ્રીમતી મીનાબેન**ની દીક્ષા સાથે અન્ય ૨૩ દીક્ષાર્થીઓ પણ દીક્ષા ગ્રહણ કરશે.

ઉક્ત પરિવારના મોભી **શ્રી બચુભાઈ પોપટલાલ શાહ** તથા **શ્રી ચંદ્રકાંતભાઈ ભોગીલાલ શાહ** સર્વે શ્રી સંઘને પધારવા સ્નેહ વિનંતી કરેલ છે. સંસ્થા **શ્રીમતી મીનાબેનની** ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

**શ્રી પાટણ જૈન મંડળ – મુંબઈ, સંચાલિત**

### બી.ડી.એસ. આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પાટણ

ફાટી પાળ દરવાજા બહાર, પાટણ-૩૮૪ ૨૬૫ (ઉ. ગુજરાત)

### પ્રથમ વાર્ષિકોત્સવ – 'ઉમંગ–૨૦૧૫'

શ્રી પાટણ જૈન મંડળ-મુંબઈ, સંચાલિત બી.ડી.એસ. આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, પાટણનો પ્રથમ વાર્ષિકોત્સવ 'ઉમંગ – ૨૦૧૫' તા. ૦૩-૦૩-૨૦૧૫ના મંગળવારે કૉલેજ કેમ્પસ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. **ડૉ. આર. એલ. ગોદારા સાહેબે** કૉલેજના મુખપત્ર **'જ્યોતિર્ગમય'**નું વિમોચન કર્યું હતું. સંસ્થાના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી **શ્રી દિનેશભાઈ આર. શાહે** કૉલેજની **'વેબસાઈટનું લોન્ચિંગ'** કર્યું હતું. ઉપરાંત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી **ડૉ. દિપુબા દેવડાએ** ખાસ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી ભરતભાઈ નેમચંદ શાહ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ, સભ્ય શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ મુંબઈથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કૉલેજના સ્થાનિક સંચાલન સમિતીના સભ્યશ્રીઓ **ડૉ. રાજેન્દ્રભાઈ આર. શાહ, ડૉ. અતુલભાઈ અગ્રવાલ, ડૉ. મંગળભાઈ શાહ, ડૉ. ઉમેશભાઈ, ડૉ. હેમેન્દ્રભાઈ મહેતા, શ્રી અશ્વિનભાઈ ગાંધી, ડૉ. બળદેવભાઈ દેસાઈ, શ્રી કેતનભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** તથા કૉલેજના **આચાર્ય ડૉ. મહેશભાઈ જાનીએ** ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે યોજાયેલ રંગારંગ કાર્યક્રમમાં ગીતો–નાટકો–ડાન્સ–એકપાત્રી અભિનય જેવી કૃતિઓ જોઈ સહુ અભિભૂત થયા હતા.

## સિદ્ધિ – સફળતા

*માનવી નિષ્ફળ છે તેવો નિષ્ફળતાનો અર્થ નથી,*
*મતલબ તેનો એવો કે હવે સફળતા દૂર નથી;*
*સિદ્ધ કંઈ કરી શક્યા નથી તેથી શું ક્ષમતા નથી?*
*તમે હીણા ઉતરો છો તેનું કારણ પરિપક્વ નથી !*

*કંઈ શીખી ન શક્યા તેથી તમે મુર્ખ છો, શક્ય નથી,*
*શ્રદ્ધા કંઈ સાધનાના દ્વાર ન ખખડાવે એવું નથી;*
*સન્માન ન મળતાં અપમાનિત થયા એવું નથી,*
*તેનો અર્થ ફરી પ્રયત્ન ન થાય તેવો પણ નથી!*

*સર્વે કંઈ અપૂર્ણ સદાય રહે તેવું હોતું નથી,*
*સંપૂર્ણ થવા પ્રયત્નો ન કરી ભાંગી પડો એવું નથી;*
*ફિનિક્ષ પક્ષી રાખમાંથી પણ જો ઊભુ થઈ શકે,*
*આપણે પ્રયત્નો ન જ કરી શકીએ એવું કંઈ નથી!*

જીવન વેડફી નાખ્યું તેવું પણ કો'ધારણ નથી,
પ્રયત્નો છતાં પણ સિદ્ધિ પ્રાપ્ત ન થાય તેવું નથી;
ઈશ્વર દૂર છે તેવું માનવા પણ કારણ નથી,
*સિદ્ધિ સફળતા ઈશ્વરની દેન ન બને તેવું નથી!*

**મ. નૌ.**

## CONGRATULATION

Daughter of Shree Kalpesh Kirtilal Shah and Paulomi K. Shah. (Dhandherwado Patan - Govaliatank) **Harshi** studying in Rachana sansad college of applied arts and crafts, prabhadevi in her final year of commercial arts aced it by bagging 3 awards. Her campaign on Moroccan Oil and Poo Pourri won best design and best integrated campaigns among the lot of 65 students. She also designed English and Hindi fonts on Ramayan and Rankivav out of which for rankivav she won the best typographer of the year.

Not only in her curriculum she also won the best copy writer award at the CAG awards which happens to be a very well known and prestigious award ceremony in the ad fraternity. CAG conducts these awards and chooses the best of the best work among 5 - 6 colleges across mumbai and pune and beyond.

Heartly Congratulation for Harshi's that achievement.

## SOMETHING YOU MISS....

You have all wealth
You have all luxuries
But something you miss...

You have all love
You have all pleasures
But something you miss...

Life just goes on and
You enjoy your life
But something you miss...

And one fine day
a poor little beggar says
I am happy in my life
because there is notihng I miss...

It's a human tendency, the more you have, the more you need. If you stop missing things in life and start enjoying with what you have then life shall be as wonderfull as in heaven...

□ **Dhruvi Deepak Shah**

## પાટણ - કનાસાના પાડામાં શ્રી શાંતિનાથ ભગવાનના મોટા દેરાસરમાં સાલગિરહની ઉજવણી

ફાગણ સુદ ૩ તા. ૨૧-૨-૨૦૧૫ના રોજ પાટણ કનાસાના પાડામાં શ્રી શાંતિનાથ ભગવાનના મોટા દેરાસરમાં ૧૨૯મી સાલગિરહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુંબઈ, સુરત તથા અમદાવાદથી અનેક પરિવારો શામેલ થયા હતા.

સાલગિરહની ઉજવણી પ્રસંગે **શ્રી વૃજલાલ ભોગીલાલ મંત્રી પરિવાર** દ્વારા ગિરનાર તથા સમ્મેતશિખરના નવા પટ્ટનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

**શ્રી પોપટલાલ નાનચંદ પરિવાર** તથા **શ્રી પૂનમચંદ કરમચંદ પરિવાર** તરફથી શ્રી શત્રુંજય તીર્થના નવા પટ્ટનું અનાવરણ કરવામાં આવ્યું હતું. પાલીતાણાથી લાવેલ શ્રી શત્રુંજય તીર્થની શીલા સ્થાપિત કરવામાં આવી છે. શ્રી શત્રુંજય પટ્ટની તળેટીમાં આ શીલાની નિયમિત રીતે પૂજા કરવામાં આવે છે. પાટણમાં પહેલી જ વાર આ પ્રમાણે 'જય તળેટી'ની સ્થાપના કરવામાં આવી છે.આપ પણ કનાસાના પાડામાં પધારીને જરૂરથી 'જય તળેટી'ની પૂજાનો લાભ લેશો.

## દુનિયાનું ગણિત શાસ્ત્ર

ઇમ્પાલામાં બેસી બસ કતાર પાસેથી
પસાર થતાં 'મેનેજર'ની આંતર વેદના :
વટેમાર્ગુને ગાડામાં પરગામ લઈ જનાર
ખેડૂતના આનંદનો છેદ ઉડાડીએ.

પચાવવાની - ચિંતામાં બે રોટલી ન ખાનાર
શેઠે બક્ષેલો
મજૂરનો એ લંચ અવર
દેવી દયાલના લંચબૉક્સમાં
લંબચોરસ બની સમાઈ જાય છે.

સંપત્તિને શીર તળે લઈને
સૂઈ જનારના સુખ સ્વપ્ના
રાતપાળીના મજૂરની લાલ આંખના
દ્વાર શાને શોધે છે ?

હિસાબના વહીવટી ઢગલામાં
ખોવાઈ ગયેલા આંકડાઓના વિર્યને
દ્વઉક્ત્ર ઠઉકેના આંકડાની
શૌર્યકથા સમજાશે ?

□ **શ્રી અજિત જે. શાહ**


**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

advt

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

## SPLASHING IN THE RAINS...

Aadit and I were returning from his class, when we passed a little park. I looked at the gates and it brought back many fond memories. I had spent practically every evening in this place when he was an infant. I used to walk the pram as he stared around wide-eyed marveling at the new world he had entered into. The park only had a small walking track which was good enough for infants, but not for energetic toddlers. I thus took him to other places now, for our evening outings. Places that had swings and slides and provided an outlet for the never ending energy of my child.

Now, that July evening, I stopped my car in front of the park. The air was moist with rain. I thought of taking a little peek inside, just to relive those old days and visit the place where I had spent many a happy evening with other new mothers. "I'll just be gone two minutes' I told the driver.

We were greeted by a large puddle of water (thanks to the incessant rains) as soon as we entered the park. Aadit shrieked with delight as he ran towards the puddle. He put one leg in and tested the waters. Then in went his other leg. When he was sure of safety, there was nothing holding him back. "Splashy Splashy" he cried as he jumped up and down in the puddle.

I looked on in horror as I saw his feet and pants consumed by the muddy water. I could well imagine myself (not to mention the car seats) getting equally brown very soon, as I would have to carry him away.

"Aadit! Look at that baby in the pram! Look at the Champa tree! Wow! Cat!!!" I tried my best to distract him from the puddle, but my almost-two years old boy was quite sure of what he wanted. "Mama do" he said looking at me in the eye. "Mama do" meant that he expected me to jump in the puddle too! I looked unsure and then looked away. But he came up to me, tugged my hand and firmly said pointing to the puddle "Mama do. Mama do."

I put one leg in. He smiled. I put in the other. He clapped his hands. Then, as if to lead the way he started running and I followed him. We ran all along the walking track, splashing in every puddle and laughing wholeheartedly.

And there we stood laughing like crazy creatures while the cold wind lashed about our faces. A couple of motherly doubts did cross my mind – was I insane? What if he caught a cold? Or a fungal infection on his foot? Thankfully my thoughts were muffled by our happy screams.

That night as I lay on the bed, my little bundle of joy sleeping peacefully next to me, I realized that the best part of my day was the wonderful spontaneous splashing session that we had. Oh! We try so hard to plan activities for our children so that they can have fun. Sometimes it's wise to let them take the lead and have some fun yourself. Today, he is not a toddler, but a school-goer. Yet, the lesson remains as fresh and as true as ever!

☐ Dhanishta Shah

**સુધારો**

પાટણ પ્રતિબિંબના ફેબ્રુઆરી માસના અંકમાં What's Your Loc? છપાયેલ તેના લેખિકા **શ્રી ધનીષ્ઠા શાહ**નું નામ શરતચૂકથી છપાયેલ નથી, તો સુધારી ને વાંચવું.


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ** ●

ADVT

# વિકલાંગ યાત્રા પ્રવાસ અહેવાલ

**શ્રી પાટણ જૈન મંડળની વિકલાંગ ઉત્કર્ષ સમિતિ** દ્વારા તા. ૮-૩-૨૦૧૫ થી તા. ૧૨-૩-૨૦૧૫ દરમ્યાન પાલીતાણા મહાયાત્રાનું આયોજન થયું. તેમાં મુંબઈ, સુરત, અમદાવાદ તથા પાટણના ''દિશા''ના ૨૦ બાળકો સહિત કુલ ૬૫ સદસ્યો જોડાયા. મુંબઈથી ૮-૩-૨૦૧૫ના 'દિશા'ની સવારી ઉપડી ભાવનગર એક્સપ્રેસમાં ૯-૩-૨૦૧૫ના સવારના જોરાવર નગર ખાતે નવકારશી કરાવવામાં આવેલ. ખરેખર જાણે ઘરની વસ્તુઓ જેવો આસ્વાદ હતો ત્યાથી સોનગઢ ઉતર્યા. લગભગ ૧૨ વાગે જંબુદ્વીપમાં પહોચ્યા. ધર્મશાળામાં બપોરના જમી અને ત્યાર પછી શેત્રુજય ડેમ પર આવેલ દેરાસરમાં પાર્શ્વનાથ દાદાની સેવાનો લાભ લીધો. સાંજે ૭ વાગે ધર્મશાળા ખાતે ગેટ ટુ ગેધર યોજાયેલ તેમાં દાતા પરિવારના સર્વે સદસ્યોનું ધૂપ, મોતીની માળા તથા બટવો આપી અભિવાદન કરવામાં આવેલ. સૌજન્ય દાતા **શ્રી જે.કે. શાહ** તથા **શ્રીમતી રાજેન્દ્રાબેન જે. શાહ**ને મોમેન્ટો તેમજ મોતીની માળા અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું. તેમના તરફથી તેમજ સાથે આવેલ મહેમાનો તરફથી લગભગ દરેક બાળકનું બહુમાન કરવામાં આવેલ.

બીજે દિવસે સવારના કેટલાક સદસ્યો ૬.૦૦ વાગે અને બાકીના બધા લગભગ ૯.૦૦ વાગે મહાતીર્થ યાત્રાએ જવા રવાના થયા. **શ્રી આદેશ્વર દાદા**ના દરબારે સુરતના **શ્રી નીરંજનભાઈ ચોક્સી**ની મહેનતથી બધા બળકોને લાઈન વગર જ ગભારામાં પ્રવેશ મળ્યો દાદાને ભેટીને ભાવ પૂજા કરી. **''દિશા''**ના બાળકો અને તેના વાલીઓ સાથે ઉત્સાહભેર દાદાને નવ અંગે સેવા પૂજાનો લાભ લઈને લગભગ બધા ચાર વાગે ધર્મશાળામાં પરત ફર્યા. સાંજના ભોજનને ન્યાય આપીને મહુડી ધર્મશાળામાં **શ્રીમતી અરૂણાબેન વ્રજલાલ શાહ** દ્વારા આયોજીત ભાવયાત્રામાં ગયા હતાં જ્યાં **શ્રી સંજયભાઈ થારે** સુંદર ભાવયાત્રા કરાવી હતી, જેમાં **''દિશા''**ના બાળકોને સુંદર આવકાર તો મળ્યો તથા ૧૨૦ રૂપિયાનું સંઘપૂજન કરવામાં આવ્યું. **શ્રી અતુલભાઈ વ્રજલાલ શાહ** તરફથી આ વખતે દરેક બાળકોને યુનીફોર્મ ભેટ આપવામાં આવ્યા.

આ સુંદર યાત્રાના સહયોગી **શ્રી જે.કે. શાહ** દરેક વખતની જેમ આ વખતે પણ ઉદારદીલ દાતા તરીકે અડીખમ ઉભા રહ્યા હતા. તેમના સહયોગ અને માર્ગદર્શન વગર આ યાત્રા શક્ય જ ન હતી. ખૂબ ખૂબ ધન્યવાદ સાહેબ ! આ યાત્રા પ્રવાસમાં **પ્રમુખ શ્રી જે.કે. સાહેબ, શ્રીમતી રાજેન્દ્રાબેન જે. શાહ, શ્રી મયંક જે. શાહ, શ્રીમતી હેમા મયંક શાહ** સપરિવાર તથા તેમના ગેસ્ટ **શ્રી પ્રફુલભાઈ કાંતીલાલ શાહ, શ્રી પ્રવીણભાઈ મફતલાલ શાહ, શ્રીમતી નીતાબેન કેતનભાઈ શાહ** વગેરેએ ખૂબજ ઊલ્લાસ પૂર્વક જોડાયેલ.

**''દિશા''**ના બાળકો ગરવા ગીરીરાજની યાત્રાએ જવા માટે ક્યારથી થનગની રહ્યા હતા, જે યાત્રા કરીને સંતોષ પામ્યા. આ મહાતીર્થની યાત્રા કરવાનું તથા કરાવવાનું સદભાગ્ય બધાનું નથી હોતું તે અત્રે ઉલ્લેખનીય રહેશે.

પાલનપુર (માલણ) ગામના વતની **શ્રી સતીષભાઈ રતીલાલ શાહ**નો ઘણા વખતથી આગ્રહ હતો કે, **''દિશા''**ના બાળકોને પાલીતાણા ખાતેની જંબુદ્વીપ ધર્મશાળામાં આવવાનો અમને લાભ આપો, તમે અમારા ક્યારે મહેમાન બનશો ? આખરે દાદાનો હુકમ થયો. તેમની ધર્મશાળામાં મહેમાનોને ૧૫ બ્લોક વિના મુલ્યે તથા ત્રણે દિવસ ત્રણ વખત જમવાનો સઘળો ખર્ચ ભોગવવામાં આવેલ છે તે બદલ તેમના પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

તા. ૧૧-૩-૨૦૧૫ના બપોરે **પી.એન.આર સંચાલીત 'અંકુર' સ્પેશિયલ સ્કુલ ફોર ધી મેન્ટલી રીટાર્ડેડ ચિલ્ડ્ન - ભાવનગરની** મુલાકાત લેવામાં આવેલ, જેમાં તેમની કાર્યપદ્ધતિ અંગેની માહિતી મેળવવામાં આવી ત્યારબાદ નટરાજ કૉલેજ કેમ્પસ ખાતે **પી.એન.આર. સોસાયટી સંચાલીત વિકલાંગ બાળકોની શાળા**ની મુલાકાત લેવામાં આવી. જેમાં વૈશ્વિક સ્તરે વિશ્વની વિવિધ એન.જી.ઓ.ના સહકાર તથા જોડાણ દ્વારા માનસીક - શારિરીક, મંદબુદ્ધિવાળા બાળકો, લકવાગ્રસ્ત સદસ્યોની ગામોગામ જઈ માહિતી એકત્રિત કરી સંસ્થાના છત્ર હેઠળ આવરી લેવામાં આવે છે. વ્હિલચેર, કુત્રિમ હાથપગ, કાનના મશીનોનું વિતરણ કરવામાં આવે છે. પોલિયો નિવારણ કેમ્પના આયોજન કરવામાં આવે છે. હાડકાની સર્જરી, વિકલાંગતા ન આવે તે માટે પ્રેગનેન્સી પહેલા સ્ત્રીઓને વેક્સીનેશન આપવામાં આવે છે, અંધજનો માટે બ્રેઈલ લીપીમાં શિક્ષણ આપવામાં આવે છે. આમ દરેક ક્ષેત્રે વિકલાંગોના સર્વાંગી વિકાસ અંગેના વિવિધ પાસાઓને રજૂ કરતી સીડી (ફિલ્મ) દ્વારા માહિતી મેળવવામાં આવી. જેમાં સંસ્થાને દરેક સ્તરે સેવાભાવી ભાઈ-બહેનોનો સહયોગ મળી રહે છે.

આ સંસ્થા દ્વારા પછાત વિસ્તારોની મુલાકાત લઈ જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે, વૉકેશનલ ટ્રેનિંગ આપવામાં આવે છે, બાળકોના વાલીઓને કાયદાકીય માર્ગદર્શન પુરૂપાડવામાં આવે છે, બાળકો સાથે વિવિધ તહેવારોની ઉજવણી પણ કરવામાં આવે છે. કેટલાક બાળકોને તાલુકા, જીલ્લો, રાજ્ય તથા રાષ્ટ્ર સ્તેરે યોજાતા રમતોત્સવમાં ભાગ લેવા અંગેની તાલીમ આપવામાં આવે છે.જે એટલું સુંદર અને અદ્ભુત છે કે તેમાંથી આપણને ઘણુબધું શીખવાનું પણ મળ્યું. જેનાથી અભિભૂત થઈ **શ્રી જે.કે. શાહ, શ્રી પ્રવીણભાઈ મફતલાલ શાહ, શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ, શ્રીમતી પ્રેમીલાબેન ભદ્રકુમાર શાહ** તરફથી આ સંસ્થાને રૂા. ૪૪૦૦૦નું દાન આપવામાં આવેલ.

આ અવસરે સમિતિ દ્વારા પી.એન.આર. સોસાયટીના હોદ્દેદારો-કાર્યકરોને ધૂપ, મોતીની માળા તથા બટવો આપી અભિવાદન કરવામાં આવેલ. ભાવનગર ખાતેની બધી જ સગવડ તથા સાંજની ચોવીહારની વ્યવસ્થા કરવા માટે **શ્રી નરેન્દ્રભાઈ કે. શાહનો** જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

✶ ✶ ✶


## ફ્લેટ વેચવાનો છે

પાટણમાં ભારતી સોસાયટી સામે, દેરાસરની સામે તેમ જ બસ સ્ટેન્ડ તેમ જ રેલ્વે સ્ટેશનથી પાંચ મિનિટના અંતરે ફુલ્લી હવાઉજાસવાળો ૯૯૦ સ્કે. ફીટ ફ્લેટ વેચવાનો છે. ADVT

સંપર્ક : મુંબઈ : Mobile : 9224745793

# આત્મીયતા નહિ, માત્ર ઔપચારિકતા જ !

રાતના દશના ટકોરે સૂવા માટે પથારીઓ પથરાઈ ગઈ હતી. ત્યારે જુના સ્નહી રાહુલભાઈએ ઘર પર નજર કરી કહ્યું, 'કેમ સુરેશભાઈ, મઝામાં ને ?'

'અરે રાહુલભાઈ, આવો આવો અચાનક આજે ક્યાંથી ?' 'આ તો હું તમારી બાજુમાં આવ્યો હતો અને તમારું બારણું ઉઘાડું જોયું અને તમને બેઠેલા જોઈ થયું કે લાવ તમને પણ 'હેલો' કરતો જાઉં.' બસ ત્યારે હું જાઉં. અત્યારે બેસવું નથી. તમારે સૂવાનો સમય થઈ ગયો છે.'

'ના, ના. એમ કંઈ જવાતું હશે. એક તો તમે ઘણાં વખત પછી મળ્યા છો અને આમ ઊડતી સલામ મારી જતા રહો તે મને જરા પણ નથી ગમતું.' હું તમને નહીં જવા દઉં.

અંતે રાહુલભાઈ સુરેશભાઈના આગ્રહને વશ થઈ બેસી અને તીખી તમતમતી સેવ જેવી વાતો અને ગળ્યા ગુલાબજાંબુ જેવી ગપસપમાં બારના ટકોરા પડી ગયા. તેમના ગયા પછી તરત જ સુરેશભાઈ બોલી ઉઠ્યા, 'સહજ કહ્યું, તેમાં તો ચોંટી પડ્યા, હતા તો સરકારી પરબિડિયા જેવા પીળા, અને ખોટો રાતનો ઉજાગરો કરાવી ગયા.'

મનને તરબતર કરી દે એવી ભરી ભરી સાંજે બધા જ કામધંધેથી પરવારી ઘરે જવાની ઉતાવળમાં હતા. ત્યાં બસની લાંબી લાઈનો જોઈ. ટેક્સી કોઈ આવવા તૈયાર ન હતી. તેથી સુરેશ ચાલતો ચાલતો જતો હતો. ત્યાં રસ્તામાં વયોવૃદ્ધ સ્નેહી મુરબ્બી મળી ગયા એટલે સુરેશે પૂછ્યું, 'કેમ છો કાકા, મઝામાં ને ? તબીયત કેમ છે ?

કાકાએ કહ્યું, દિકરા સુરેશ ઘણાં વખત પછી તને જોઈ ખૂબ જ આનંદ થયો. તબીયત નરમ ગરમ ચાલ્યા કરે. ઉંમર થઈ છે ને.

'પણ તમો તબીયત બરોબર સંભાળજો, દવા તેમજ આરામ બરોબર કરશો. કોઈપણ જાતની ચિંતા ના કરશો. તમો પુણ્યશાળી આત્મા છો એટલે પરમ કૃપાળુ ઈશ્વર તમારું બધું જ સારું જ કરશે. મારા લાયક કામકાજ હોય તો જરૂરથી વિના સંકોચે અડધી રાતે પણ ફોન કરી બોલાવશો. જરાપણ મુંઝાતા નહીં.' કહી સુરેશ છૂટો પડ્યો. પિક્ચરમાં જતાં મોડું થયું એટલે શ્રીમતીએ પૂછ્યું, કેમ મોડુ થયું ?'

'અરે જો ને બસની લાંબી લાઈનો હતી અને ટેક્સીઓ આવવા તૈયાર ન હતી. એટલે ચાલતો ચાલતો આવતો તો ત્યાં રસ્તામાં અંબાલાલ બુઢ્ઢા મળી ગયા. મેં સહજ પૂછ્યું. કેમ છો. તેમાં તો લાંબુલચાક તબિયતનું ભાષણ આપવા લાગ્યા. અને મને બોર કરી નાંખ્યો.

આખું વર્ષ જેને પણ ક્યારે ન મળ્યા હોઈએ તેવી વ્યક્તિઓને મળવાની તક બેસતા વર્ષે જ્ઞાતિ, સમાજનું સ્નેહ સંમેલન પૂરૂં પાડે છે. આવા સ્નેહ સંમેલનમાં સુરેશભાઈ પોતાના સ્નેહી દિપેશભાઈને ખળખળ વહેતાં ઝરણાં જેવા મધુર ઉમળકાથી તેમજ મખમલી શબ્દોથી કહી રહ્યા હતા. 'બસ આપણે આમ જ મળવાનું ? આમ ન ચાલે. તમો નક્કી મારા ઘરે આવો. બોલો ક્યારે આવશો ? નક્કી કહો. પણ જરૂર આવવાનું રાખજો અને હા, આવતા પહેલાં મને ફોન કરશો જેથી હું તમારા માટે ફ્રી રહું અને આપણે શાંતિથી બેસી મને સાંભરે અરે તને સાંભરે જેવી કૃષ્ણ ભગવાન અને સુદામા જેવી અનેક બચપણની વાતો કરી અનોખો આનંદ પામી શકીએ.' આમ કહી છૂટા પડ્યા.

પછી પોતાની પત્નીને કહી રહ્યા હતા. જોજે ધ્યાન રાખજે દિપેશનો ફોન આવે તો કહી દેજે હું નથી. આ કંઈ ઉપયોગી માણસ નથી. માથે પડેલા મફતલાલની જેમ ચીટકી પડશે.

આજના ઈન્સ્ટન્ટ યુગમાં જ્યાં જુઓ તો 'આત્મીયતા નહીં, માત્ર ઔપચારિકતા જ.' ખરેખર એક શાયરે સરસ કહ્યું.

'મતલબ વિનાની લાગણી મળતી નથી.
આજ તો માનવીના દિલમાં પણ દિમાગ રમે છે.'

મંઝિલેં મંઝિલેં વિસામા નથી હોતા,
સાથે ચાલનારા દરેક હમ સફર નથી હોતા.
મળે છે ઘણાં લોકો આ ટૂંકી ઝિંદગીમાં,
પણ તમને ગમતા બધા તમારા નથી હોતા.

**☐ શ્રી સુરેશભાઈ સૂરજમલ ચોધરી**


## MATRIMONIAL

**NAME : PRIYANK KETANBHAI SHAH**
DOB : 13th March,1990
Qualification : MBA (Narsee Monjee, Mumbai) BBA.
Height : 5'8",
Weight : 70 kg.
Complexion : Fair White
City : Vadodara (Gujarat).
Patan Mohalla : Zaverivado
Father's Name : Ketan Bhailal Bhai Laherchand Shah
Mother's Name : Binal Ketan Shah
Mosal : Pravinchandra Kesarichand Shah
(Tusharbhai) (Dhandherwado)
Contact No. M-09898590781.
E Mail ID: ketanshahco@yahoo.com
advt

।। શ્રી શંખેશ્વર ઘીયા પાર્શ્વનાથાય નમઃ ।।
વિનીત-રાજુલ : ૯૦૨૨૮૦૮૬૨૨ Tel.: 28780553
નીરજ-બીજલ : ૮૦૮૦૬૫૬૬૧૫ Mo.:9322931462
**પાટણનું શુદ્ધ ઘી મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ...**
**શાહ વર્ષા દેવેન્દ્રકુમાર**
**SHAH VARSHA DEVENDRAKUMAR**
**Dealers in : Stainless Steel Utensils, Pure Ghee of Patan**
**All Kind of Dry Fruits, Masalas, Spies & C.T.C. Tea**
59-10, Jawahar Nagar, 1st Floor, Opp. Jain Temple,
Advt Road No. 4, Goregaon (West), Mumbai-400 062.

શ્રી મહાદેવા પાર્શ્વનાથાય નમઃ શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ
**VIRTI GRUHA UDYOG**
પાટણના પ્રખ્યાત સાજીના પાપડ અને દરેક જાતના ખાખરા, શીંગની ચટણી, મેથીયાનો મસાલો, આથેલા મરચાં, વડી, ગોળ વડી મળશે. કોઈ પણ જાતની મીઠાઈઓ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
બોમ્બે હોમ ડિલીવરી કરી આપવામાં આવશે.
**Dhaval Shah** Shamalaji ni Sheri, Nr. Blood
Mobile 08980684113 Bank, Khetarvasi, Patan
ADVT

## પાટણમાં બાળકો માટે અનોખી ટૉય લાયબ્રેરી શરૂ કરાઈ : ૬૦૦ રમકડાં ઉપલબ્ધ

પાટણની ભગિની સમાજ ખાતે રમકડાં લાયબ્રેરી જેવા બાળોપયોગી પ્રયોગનો પ્રારંભ થયો છે. આ ટૉય લાયબ્રેરીનું ઉદ્દઘાટન પાટણની જનતા હોસ્પિટલના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ, સંસ્થાના મંત્રી શ્રી યામિનીબહેન દેસાઈ તથા ભગિની સમાજના ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ શાહના હસ્તે કરાયું હતું.

આ લાયબ્રેરીમાં બાળકો માટે વિભિન્ન પ્રકારના રૂા. ૧૦૦ થી રૂા. ૭૦૦૦ સુધીના જ્ઞાન સાથે ગમ્મત આપનારા ૬૦૦થી વધુ રમકડાઓ વસાવવામાં આવ્યા છે તથા હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી જ્ઞાનવર્ધક બાળ-સાહિત્યના પુસ્તકો પણ રખાયા છે. આ લાયબ્રેરીનો લાભ લેવા ઇચ્છનારાઓએ રૂા.૨૦૦૦ની ડિપોઝિટ અને દર વર્ષે રૂા. ૧૨૦૦ની ફી ભરવાની રહે છે. સંસ્થાના ટ્રસ્ટી શ્રી રિખવચંદ મૂળચંદ શાહ પરિવારના શ્રી મુકેશ, શ્રી મુકુલ અને શ્રી અશોક શાહની સ્મૃતિમાં આ લાયબ્રેરી શરૂ થઈ છે, જે દર શનિવારે કાર્યરત રહેશે.

### નેત્ર નિદાન કેમ્પ

ભગિની સમાજના ઉપક્રમે તા. ૧૪-૧૫ માર્ચના નેત્ર ચિકિત્સા શિબિરનું આયોજન એમપી ફાઉન્ડેશન મુંબઈ પ્રમોટેડ સુગાલ એન્ડ દામાની ગ્રુપના સહયોગથી તા. ૧૪-૧૫ માર્ચના દિવસોમાં **ભગિની સમાજ પાટણ** દ્વારા નેત્ર શિબિરનું આયોજન હાથ ધરાયું હતું, જેમાં વહેલી સવારથી જ લોકો આંખનું નિદાન કરાવવા ઉમટી પડ્યા હતા. આ શિબિરમાં આંખની વિના મૂલ્યે તપાસ કરવામાં આવી હતી અને જરૂરિયાતવાળાને કૉમ્પ્યુટર મશીન/એસ્કેનથી વિના મૂલ્યે ચશમાના નંબર કાઢી આપવામાં આવ્યા હતા.તે ઉપરાંત ચશમાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં આંખના ડૉ. એ.એન. દીક્ષિત, ડૉ. અશોકભાઈ પટણી, ડૉ. નિખિલ ખમાર, ડૉ. કૌશલભાઈ મોદી, ડૉ. જયશ્રીબેન રાજપુત અને ડૉ. ભાવિનભાઈ ગઢવીએ સેવાઓ પૂરી પાડી હતી.

### અભિનંદન

શાંતિનાથની પોળ, હાલ ભાયંદર સ્થિત **શ્રી રાજેશભાઈ જેસીંગલાલ શાહ**ની સને ૨૦૧૫ના વર્ષ માટે હ્યુમન રાઈટસ ઓરગેનાઈઝેશનના મહારાષ્ટ્ર રાજ્યના **ઉપાધ્યક્ષ** તરીકે નિમણૂક થયેલ છે તેબદલ હાર્દિક અભિનંદન. માનવ અધિકારની તકરાર તથા નિવારણ માટે સંપર્ક : ૮૬૫૫૫૦૫૪૨૨.

## મણિયાતી પાડાના શ્રી આદેશ્વર ભગવાનની સાલગીરી

શ્રી મણિયાતી પાડાના શ્રી આદેશ્વર ભગવાનની સાલગીરી ઉજવણી તા. ૧૦-૦૫-૨૦૧૫ વૈશાખ વદ ૬ રવિવારના રોજ શ્રી ચંદ્રપ્રભુ દેરાસર, પ્રાર્થના સમાજ, મુંબઈ ખાતે રાખવામાં આવી છે. તે દિવસે બપોરે ૨.૩૦ કલાકે **શ્રી પંચકલ્યાણકની પૂજા** ભણાવવામાં આવશે. ત્યારબાદ દરેકને માટે સાધર્મિક ભક્તિ રાખવામાં આવી છે જેનો સંપૂર્ણ લાભ **શ્રી કેશરીચંદ મોતીલાલ શાહ**–હસ્તે : **શ્રી હેમેન્દ્રભાઈ કેશરીચંદ શાહ** પરિવારે લીધો છે. આ સાલગીરી પ્રસંગે મહોલ્લાની પરણેલી દીકરીઓ તેમ જ તેમના કુંવારા પુત્રો અને પુત્રીઓ લાભ લઈ શકશે. બપોરના ૪.૦૦ કલાકે મહોલ્લાના ભાઈઓની મિટીંગ રાખવામાં આવી છે. આપશ્રીના ઘરમાંથી કેટલા સભ્યો પૂજામાં આવવાના છે તેની જાણ નીચેના કાર્યકર્તાઓને તા. ૩૦-૦૪-૨૦૧૫ સુધીમાં જણાવી દેવા.

(૧) શ્રી ભૂપેન્દ્રભાઈ કાંતિલાલ શાહ–૯૮૬૯૦૦૦૯૩૨
(૨) શ્રી નવનીતલાલ મણિલાલ શાહ–૯૩૨૨૨૧૭૧૧૪
(૩) શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ–૯૮૨૦૦૪૫૫૯૫
(૪) શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ–૯૮૨૦૯૨૩૮૮૬

## દુઃખદ નિધન

ચોધરીની શેરીના શ્રી પનાલાલ મણીલાલ સોનાવાલાના ધર્મપત્ની **શ્રીમતી ભગવતીબેન** ૧૦૫ વર્ષની સુખદ દીર્ઘ જીવનયાત્રા બાદ તા. ૮-૩-૨૦૧૫ના દિને અરિહંત શરણ પામ્યા છે.

સ્વ. શ્રી વિનોદભાઈ, સ્વ. શ્રી સુરેશભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી ભારતીબેન, સ્વ. શ્રી માલતીબેન તથા શ્રી અમીતાબેનના માતુશ્રીએ આજના કપરા સમયે પણ સમસ્ત પરિવારને એક તાંતણે બાંધી રાખી સમાજ માટે ઉમદા અને અનુમોદનીય દ્રષ્ટાંત પૂરુ પાડેલ છે. પોતાના બે યુવાન પુત્રોના નિધનના કારમાં આઘાતને પચાવી લઈ તેમની પુત્રવધુઓ શ્રીમતી નિર્મળાબેન તથા શ્રીમતી ઈન્દિરાબેન સાથે આત્મિયતા સભર વ્યવહાર જાળવી સમાધી મરણને વર્યા છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચીરઃ શાંતિ અર્પો એજ પ્રાર્થના.

**— શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | યોગેશ કિરીટભાઈ શાહ | ૩૯ | ગોરેગાંવ-મુંબઈ | ૨૮-૦૨-૨૦૧૫ | ફાગણ સુદ-૧૦ |
| દશાશ્રીમાળી | ખેજડાનો પાડો | સુરેન્દ્રભાઈ હીરાલાલ ઝવેરી | ૮૫ | સાંતાક્રુઝ-મુંબઈ | ૦૧-૦૩-૨૦૧૫ | ફાગણ સુદ-૧૧ |
| દશા ઓસવાળ | ખેતરપાળનો પાડો | કિરીટભાઈ હિંમતલાલ શાહ | ૭૪ | કાલબાદેવી-મુંબઈ | ૦૪-૦૩-૨૦૧૫ | ફાગણ સુદ-૧૪ |
| વિશાશ્રીમાળી | ચોધરીની શેરી | ભગવતીબેન પનાલાલ સોનાવાલા | ૧૦૫ | વાલકેશ્વર-મુંબઈ | ૦૮-૦૩-૨૦૧૫ | ફાગણ વદ-૦૩ |
| સાંડેસરા | કેશુશેઠનો પાડો | કવિતાબેન ગિરીશભાઈ સાંડેસરા | ૬૧ | કેમ્પ્સ કોર્નર-મુંબઈ | ૦૯-૦૩-૨૦૧૫ | ફાગણ વદ-૦૩ |

*ચક્ષુદાન કરેલ છે. ✷દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ** દેહદાન કરો અને કરાવો

## સાભાર-સ્વીકાર

**રિવોલ્વિંગ (એજ્યુકેશન) ફંડ**

૩૦૦૦૦૦ શ્રીમતી તારાબેન સેવંતીલાલ નાથાલાલ ખાંડવાલા
હસ્તે : શ્રી કંદર્પભાઈ સેવંતીલાલ ખાંડવાલા (કેશુશેઠનો પાડો)

**મેડિકલ સહાય તથા શૈક્ષણિક સહાય કોરપસ**

૨૦૦૦૦૦ શ્રી આશિષભાઈ નિરંજનભાઈ શાહ
શ્રીમતી નિકિતાબેન આશિષભાઈ શાહ
(ફોફલિયાવાડો, ચોધરીની શેરી)
સ્વ. શ્રીમતી સરસ્વતીબેન નિરંજનભાઈ શાહના આત્મશ્રેયાર્થે
હસ્તે : કુ. ક્ષિતિજા તથા કુ. ક્રિષા આશિષભાઈ શાહ

**સિનીયર સિટીઝન કોરપસ ફંડ/ મેડિકલ સહાય કોરપસ ફંડ**

૧૦૦૦૦૦ શ્રી હરસુખલાલ અમૃતલાલ શાહ (ખડા ખોટડીનો પાડો)
સ્વ. શ્રીમતી પ્રભાવતીબેન હરસુખલાલ શાહના આત્મશ્રેયાર્થે
(શ્રાવણ સુદ ૪- તા. ૩૧-૭-૧૪)
હસ્તે : શ્રીમતી સ્મિતાબેન દીપકકુમાર શાહ

**આર્થિક સહાય ભેટ**

૧૫૦૦૦૦ શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ (મરીનડ્રાઈવ)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૦૦૦૦ શ્રી હરસુખ બી. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ

**મેડિકલ (કેન્સર) ભેટ/વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૭૫૦૦ શ્રીમતી વીરમતીબેન નવિનચંદ્ર શાહ (કપુર મહેતાનો પાડો.)
સ્વ. શ્રી અક્ષયભાઈ નવિનચંદ્ર શાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે

**વૃદ્ધજન સહાય ભેટ**

૫૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ (ભાભાનો પાડો)

**હેલ્થકેર સાધન ભેટ**

૫૦૦૦ શ્રીમતી માલતીબેન પ્રદીપભાઈ કરાન્ડે

## શ્રી પાટણ જૈન મંડળ

**સ્પોર્ટસ સમિતિ આયોજીત**

## ‘ડે નાઈટ ફાઈનલ ક્રિકેટ મેચ’

**મુખ્ય સૌજન્ય:**

**શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ**

(કનાસાનો પાડો)

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટની T-20 લીગ મેચોનો રાઉન્ડ પુરો થયો છે. મુંબઈના જુદા જુદા વિસ્તારની ૬ ટીમોએ ભાગ લીધો હતો. લગભગ ૨૦ દિવસ સુધી પ્રારંભીક મેચો ખૂબજ ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં યોજાઈ હતી જેની ફાઈનલ મેચ **બોરીવલી ક્રિકેટ ટીમ** તથા **ગોરેગામ ક્રિકેટ ટીમ** વચ્ચે નીચે મુજબ યોજવામાં આવેલ છે.

દિનાંક : **રવિવાર, તા. ૨૯-૩-૨૦૧૫**
સમય : **સાંજે ૬.૦૦ થી ૧૦.૦૦ કલાકે**
સ્થળ : **ગોરેગામ સ્પોર્ટસ ક્લબ - ગોરેગામ (વે)**

પાટણના સર્વ ક્રિકેટ પ્રેમીઓને મેચ જોવા પધારી આપણા જ સમાજના ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા વિનંતી.

## સિધ્ધહેમ જ્ઞાનપીઠ - પાટણ

**સાધુ-સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન માટે આર્થિક સહયોગ આપનાર મહાનુભાવો**

- શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કંુ.) રિલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- મે. કે. સેવંતીલાલ એન્ડ કંુ. (ચિતારાની ખડકી)
- મે. મિલન જ્વેલર્સ (ઝવેરી વાડો)
- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણ વાડો)
- શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)
- શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ
- શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ (વાલકેશ્વર)
- શ્રી જવાહર નગર જૈન શ્વેતાબર મૂર્તિપૂજક સંઘ (ગોરેગામ)
- શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ (સાંતાક્રુઝ)
- શ્રી શિરીષભાઈ રસિકલાલ શાહ પરિવાર (ઝવેરીવાડો) કલકત્તા
- સ્વ. શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાળા) (કનાસાનો પાડો)
- સમ્યગ્ સાધના ઉપાશ્રયની શ્રાવિકા બહેનો તરફથી (ઢંઢેરવાડો)
- શ્રી ગુરુકૃપા માતૃમંદિર જૈન (તારદેવ)
- શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)
- સમરતબેન પોપટલાલ પૌષધશાળાના ભાઈ-બહેનો તરફથી (મહાલક્ષ્મી માતાનો પાડો)
- શ્રીમતી દમયંતીબેન મંગળભાઈ શાહ (લખિયાર વાડો)
- શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘ, સી. પી. ટેન્ક
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ (ખેતરવસી)
- શ્રી ખોતાચી વાડી જૈન સંઘ (ખેતવાડી)
- શ્રી ચિંતન પરેશ રજનીકાંત શાહ (વખતજીની શેરી)
- શ્રી ચંપકલાલ કેશવલાલ શાહ (વીમાવાળા) (ખેતરવસી)

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB ● MARCH 2015 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month. Postal Regd. No. MCS / O84 / 2015–17
Published on 15th of every month

## SHREE PATAN JAIN MANDAL

### SAMAJ VIKAS FUND

### MEDICINE (DAWA) SAHAY YOJNA & PUBLIC HEALTH CARE CENTRE FUND

SHRI PRAVINCHANDRA KESARICHAND SHAH — Rs. 1.01 CRORE
BY SHRI TUSHARBHAI AND SHRI JAYESHBHAI [Dhandherwado]

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST (Kumbharia pado) — Rs. 1 CRORE

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) — Rs. 54 LACS

### VARIOUS CORPUS FUND

SMT. SUBHADRABEN RAMANLAL SHAH CHARITABLE TRUST [ Kumbharia Pado ] — Rs. 1 CRORE

- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri) By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By : Shri Jitenbhai, Kanasano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Maulikkumar, Divyabalaben, Navinbhai Shah, Pole ni Sheri
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Hansaben Manaharlal Keshavlal Shah, Lahiarvado
- Late Shri Balubhai Chhotalal Shah, By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty. In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Late Shri Sevantilal Chhaganlal Shah By: Shri Sharadbhai and Shri Harshadbhai (Tamboli Vado)
- A Well-Wisher
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Smt. Manjulaben Dilipbhai Mohanlal Hemchand Shah, Marfatia Mehtano Pado

## REVOLVING FUND : Target Rs. 5 Crores

### To provide interest free Educational Loan

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 20 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 11 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr. Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Late Smt. Vasumatiben Fakirchand Shah** By Shri Samir Fakirchand Shah (Chodhrini Sheri) | Rs. 5 Lakhs |
| **Late Shri Vinodbhai Hiralal Shah (Ladiwala)** By Smt. Kiranben&ShriPranaybhai(Kanasano Pado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

### MEMORIAL FUND

| NAME OF THE DONOR | DONATION |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | Rs. 8 Crores |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | Rs. 10 Lakhs |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.